## ત્રણ માળની ટોરેન્ટની બિલ્ડીંગના ધાબેથી પટકાતા શ્રમિકનું મોત

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર પાસે આવેલા ભાટ ગામમાં સ્થિત ટોરેન્ટ પાવરની ત્રણ માળની ઓફીસનાં ધાબેથી કોઈ કારણોસર ચકકર આવી જતાં છુટક મજુરી કામ કરતાં ૪૦ વર્ષીય મહેશભાઈ રાઠોડ જમીન પર નીચે પટકાયા હતાં. બપોરના અરસામાં પટકાયેલા શ્રમિકના હાથ-પગ અને પાંસળીઓ તુટી ગઈ હતી. તાત્કાલિક તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા જયાં તેમનું સારવાર દરમિયાન કરૂણ મોત નિપજયું હતું. અડાલજ પોલિસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પી.એમ. માટે મોકલી તપાસનો દોર શરુ કર્યો છે.

## સેકટર-૩/ડીના સાંઈબાબાના મંદિરે સોમવારે આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૯

શ્રી મા મેલડી આનંદ ગરબા મંડળ સેકટર-૩ તથા શ્રી રાધાકૃષ્ણ મંડળ સેકટર-૨૩ , બંને મંડળો સંયુકત આયોજિત સેકટર-૩/ડી,ના સાંઈબાબા મંદિરે આનંદનો ગરબાનું આયોજન તા. ૧૧ ફેબ્રુઆરીને બપોરે ૨.૦૦ કલાકે કરવામાં આવ્યું છે. ગરબાપ્રેમીઓને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવે છે.

## ચાણક્ય સેવા ટ્રસ્ટ દ્વારા ૨૭મી એપ્રિલ જીવનાસાથી પસંદગી સંમેલન

ગાંધીનગર, તા. ૯

શ્રી ચાણકય સેવા ટ્રસ્ટ અને વડોદરા જિલ્લા સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના ઉપક્રમે તા. ૨૭મી એપ્રિલના રોજ વડોદરા ખાતે જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે. જેનો ઉમેદવારીપત્ર માટે ગાંધીનગરમાં કાન્તીભાઈ વ્યાસ પ્લોટ નં. ૩૫૨-એ/૨, સેકટર-૧૨/સી, ગાંધીનગર, મહેસાણામાં પ્રિયવદન ભટ્ટ એસ-૫, પૂજા ફલેટ, સર્વોદય બેંક પાસે, ભમ્મરીયા નાળા પાસે, તેમજ ટ્રસ્ટની વેબ સાઈટ ઉપરથી પણ મેળવી શકાશે.

# વનતંત્ર ૧૭ જેટલા કંડમ વાહનોની હરાજી કરશે

## હરાજીની રકમ સરકારી રેવન્યુમાં જમા કરાવશે

ગાંધીનગર, તા.૯

સે-૧૭ સ્થિત વન વિભાગની કચેરીના કેમ્પસમાં કંડમ હાલતમાં પડી રહેલા ૧૭ જેટલા વાહનોની હરાજી કરી દેવાશે. અગાઉ પણ વનતંત્રએ આવા વાહનોનો નિકાલ કરી રૂ. ૨.૨૭ લાખ સરકારી રેવન્યુમાં જમા કરાવ્યા હતા.

સે-૧૭ સ્થિત વન વિભાગની કચેરીમાં છેલ્લા કેટલાક વર્ષોથી ઘણા વાહનો કંડમ હાલતમાં બિનઉપયોગી પડી રહ્યા છે. વનતંત્રના કેમ્પસમાં જગ્યા રોકતા આ વાહનોમાં જીપ, એમ્બેસેડર સહિત અંદાજિત ૧૭ વાહનોનો સમાવેશ થાય છે. કંડમ વાહનોના નિકાલ માટે વનતંત્ર દ્વારા જરૂરી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ મામલે મિકેનીક ડીવીઝનનો સંપર્ક કરી કમિટીના માધ્યમથી વાહનોની અપસેટ કીંમત નક્કી કરવામાં આવશે.



ત્યારબાદ કેમ્પસમાં પડી રહેલી જૂની ગાડીઓની હરાજી કરી દેવાશે. જયારે હરાજીના અંતે ઉભી થનારી આવકની રકમ સરકારી રેવન્યુમાં જમા કરવામાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર અગાઉ પણ તંત્ર દ્વારા ૮ જેટલા વાહનોની હરાજી કરવામાં આવી હતી. જેની સામે રૂ. ૨.૨૭ લાખ રૂપિયાની આવક સરકારી રેવન્યુમાં જમા કરાવાઈ હતી. વનતંત્રના કેમ્પસમાં લાંબા સમયથી પડી રહેલા જૂના વાહનો આજે પણ જગ્યા રોકી રહ્યા છે ત્યારે ટૂંકમાં જ આ વાહનોનો નિકાલ કરવામાં આવશે.

# વિકૃતિઓ-વેદનાઓ વચ્ચે ઘેરાયેલા સમાજને ઉગારવા સાહિત્ય સંવેદના પ્રગટાવશે

## અગાઉ અક્ષરજ્ઞાનથી અલિપ્ત સમાજમાં પણ જોવા ન મળતા ધૃણાસ્પદ બનાવો અટકાવવા પ્રેરણાત્મક સાહિત્યનું સર્જન જરૂરી : દોલત ભટ્ટ

ગાંધીનગર, તા. ૯

અગાઉ અક્ષરજ્ઞાનથી અલિપ્ત સમાજમાં પણ જોવા ન મળ્યા હોય તેવા ધૃણાસ્પદ બનાવો આજના શિક્ષિત સમાજ માટે ચિંતાનું કારણ બન્યા છે. સમાજમાં વિકૃતિનો વ્યાપ વધતો જાય છે ત્યારે વેદના પીડીત સમાજને ઉગારવા સંવેદના અને વેદના વચ્ચે સાહિત્ય સર્જાય તે અનિવાર્ય હોવાનું ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ દોલત ભટ્ટે જણાવ્યું હતું.

માનવસહજ મૂલ્યોનું ધોવાણ થવાની સાથે સાંપ્રત સમાજમાં વિકૃતિઓનો વ્યાપ વધી રહ્યો છે. ત્યારે સમાજઉપયોગી મૂલ્યો પુનઃ સ્થાપિત થાય તેવા પ્રેરણાત્મક સાહિત્યની અનિવાર્યતા ઉભી થઈ છે. સ્વચ્છ અને સ્વસ્થ સમાજના નિર્માણ તેમજ સામાજિક એકરચતા કેળવવા નવસાહિત્યનું સર્જન કરવાનો સમય પાકી ગયો છે. જેને અનુલક્ષી તા. ૧૦ ફેબ્રુઆરીના રોજ સવારે ૧૦ કલાકે સે. ૨૩ સ્થિત કડી કેમ્પસ ખાતે બ્રહ્માણી હોલમાં સાહિત્યિક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. આ પરિસંવાદમાં નિવૃત્ત આઈ.એ.એસ. વી.એમ. ગઢવી, ભાગ્યેશ જહાં, નિમેષ દેસાઈ તેમજ તખતદાન રોહડીયા - નવસાહિત્યના સર્જન સંદર્ભે પોતાના વિચારો રજૂ કરશે. જેમાં લોક સાહિત્યમાં વ્યક્ત થયેલી સંવેદના, સંપૂર્ણ ભાષા તેમજ ગુજરાતી ફિલ્મો અને રંગભૂમિમાં વ્યક્ત થયેલી સંવેદના ઉપરાંત ચારણી સાહિત્યમાં રજૂ થયેલી સંવેદના અંગે સાહિત્યકારો માર્ગદર્શન આપશે.

**આજે સાહિત્યિક પરિસંવાદ યોજાશે**

સાહિત્ય સભાના પ્રમુખ દોલત ભટ્ટે આ અંગે જણાવ્યું હતું કે અત્યારસુધી સાહિત્ય સર્જન થયું તે મોટાભાગે ઐતિહાસિક નવલકથા, પ્રેમસંબંધો અને કાવ્યરસના આધારિત હોય છે. પરંતુ સમાજમાં વિકૃતિનો વ્યાપ વધતા સંવેદના પ્રગટાવવાનું દાયત્વ સાહિત્યકારોએ નિભાવવાનું છે. સાહિત્યકારો સમાજ ઘડતરમાં મહત્વનો ભાગ ભજવે છે. આઝાદી વેળાએ સાહિત્યકારો અને પત્રકારો જેલમાં પણ ગયા હતા. અગાઉ અક્ષરજ્ઞાનથી અલિપ્ત સમાજમાં ન જોવા મળી હોય તેવી ધૃણાસ્પદ ઘટનાઓ આજે પ્રકાશમાં આવી રહી છે. ટીનએજ દીકરીઓ બળાત્કારનો શિકાર બની રહી છે આવા સંજોગોમાં કાયદાથી માત્ર ભય પેદા થાય છે. પરંતુ માણસની અંદરની વૃત્તિ બદલવા અને સંવેદના પ્રગટાવવા પ્રેરણાત્મક સાહિત્યક સર્જન થાય તે જરૂરી છે. શિક્ષિત સમાજમાં જોવા મળતાં ધૃણાસ્પદ બનાવો સામે સમાજને અપિલીંગ થાય તેવું સાહિત્ય સર્જવાના હેતુ સાથે આ પરિસંવાદન યોજવામાં આવનાર છે. સ્ત્રીભૃણહત્યા પણ સમાજ માટે શરમજનક બાબત છે.

# કાચુ ખાવ, સાચુ ખાવ... લોકપ્રિય બનતી નવી ભોજન પ્રથા

ગાંધીનગર, તા.૯

આજના તનાવયુકત સમયમાં લોકો દિન પ્રતિદિન વિવિધ પ્રકારના ટેન્શનથી જાતભાતના રોગોનો શિકાર બને છે. દવાના સહારે જીવન વ્યતિત કરવું પડે છે ત્યારે નવી ભોજન પ્રથાના સહારે લોકોને આશાનું નવું કિરણ મળી રહ્યું છે.

આજના સમયમાં સૌને પજવતા રોગો જેવા કે ડાયાબિટિશ, બ્લડ પ્રેશર, હૃદયરોગ, એસીડીટી, કબજીયાત, અનિદ્રા, ચર્મરોગ અને સાંધાના દુઃખાવા વગેરેને માત્ર યોગ્ય આહાર પધ્ધતિ દ્વારા દુર કરી શકાય તેનું માર્ગદર્શન નિવૃત્ત ઈજનેર બી.વી. ચૌહાણ આપી રહ્યા છે. સ્વાનુભવ દ્વારા વિકસાવેલી તેમની નવી ભોજન પ્રથા કાચુખાવ, સાચુખાવ દિન પ્રતિદિન લોકપ્રિય બની રહી છે. ભોજન શૈલીમાં સામાન્ય ફેરફાર કરીને નિરોગી રહી શકાય છે. નવી ભોજન પ્રથા પ્રમાણે તમામ ઉંમરના લોકોએ સવારે ઉઠયાના સમયથી છ કલાક કશું લેવું જ નહીં, (ચા-નાસ્તો કે પાણી કાંઈ જ નહી) નિર્જળ ઉપવાસ કરવા ૨૫ વર્ષથી ઓછી ઉંમરના વ્યકિતઓએ ચાર કલાક સુધી ઉપવાસ કરવો. બપોરે જમવામાં રાંધ્યા વગરના કાચા કંદમૂળ, ફળ, પાન અને પાણી ત્યાર પછી રાત્રી સુધી જરુરીયાત મુજબ પાણી લેવાની છુટ છે. સાંજે ૪ કલાકે બને ત્યાં સુધી કશું નહીં, છતાં જરૂર જણાય તો હળવો નાસ્તો સેવ મમરા-બિસ્કીટ, ફળ-જયુસ, કાચા શાકભાજીના પાનનો રસ વગેરે ઓછા પ્રમાણમાં લેવું. રાત્રે રાંધેલા ભોજનમાં રોટલા, રોટલી, દાળ-ભાત, ખીચડી-કઢી, શાકભાજી, મોળી છાશ, અથાણા, સંભારો, પાપડ, ઓછી માત્રામાં દુધ વગેરે લઈ શકાય. ભોજમાં ૭૦ ટકા પ્રમાણ શાકભાજી અને ૩૦ ટકા પ્રમાણ અનાજ-દુધ વગેરે લઈ શકાય. સારા પરિણામ માટે ચા-દુધની બનાવટ બંધ કરવી.

બપોરે રાંધ્યા વગરના ભોજનમાં ગાજર, કાકડી, મુળા, ટમેટા, બટાકા, કોબી, બીટ, ગાજરના પાન, બીટના પાન, ફણગાવેલા ધાન્ય તથા ફળો કુદરતી સ્વરૂપે ખાઈ શકાય. તેનો રસ કાઢીને કે ચટણી બનાવીને ખાઈ શકાય છે. નવી ભોજન પ્રથાથી હિમોગ્લોબિન, કેલ્શિયમ બી-૧૨ વધે છે, અસાધ્ય ગણાતા રોગોમાંથી છુટકારો મળે છે.

## ત્રીપુરાનાં આઈ.પી.એસ. અધિકારીનો પુત્ર ગુમ થઈ જતાં ચકચાર

ગાંધીનગર નજીક રાયસણ પાસે સ્થિત ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી (જી.એન.એલ.યુ.)માં અભ્યાસ કરતો અને હોસ્ટેલમાં રહેતો ૨૪ વર્ષિય વિદ્યાર્થી દુષ્યંત કુલદીપકુમાર મહેતા ૨જી ફેબ્રુઆરીથી હોસ્ટેલમાંથી ગાયબ છે. દુષ્યંતના પિતા ત્રીપુરામાં આઈ. પી. એસ. અધિકારી છે. એક સપ્તાહથી વધુ સમય થઈ ગયો હોવા છતાં તેનો કોઈ જ પત્તો ન મળતા અડાલજ પોલીસ પણ દોડતી થઈ ગઈ છે. અડાલજના પી. એસ. આઈ. એસ.જી. વાઘેલા તેમની ટીમ સાથે વિદ્યાર્થીની તપાસ માટે રાજસ્થાન પહોંચી ગયા છે. સુત્રો પાસેથી મળતી માહિતી મજુબ કોલેજના કોન્વોકેશન કાર્યક્રમમાં તે વિદ્યાર્થીનું નામ ન બોલાયું હોવાથી લાગી આવતા ક્યાંક ચાલી ગયો હોવાનું જાણવા મળ્યું છે.

# દહેજ માંગતી સાસુના ત્રાસથી કંટાળી પરિણીતાનો ગળે ફાંસો

## વાવોલની ૨૫ વર્ષિય પરિણીતાએ સાડી વડે ફાંસો ખાઈ લીધો : સાસુ વિરૂદ્ધ ગુનો દાખલ

ગાંધીનગર નજીકના વાવોલ ગામમાં રહેતી ૨૫ વર્ષિય પરિણીતાએ પોતાના ઘરે સાડી વડે ગળેફાંસો ખાઈ લઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. તેણીના લગ્ન એક વર્ષ પહેલા જ થયા હતા અને સાસુ દહેજની માંગણી કરીને અતિશય ત્રાસ આપતી હોવાથી આપઘાત કરી લીધો હોવાની પોલીસ ફરીયાદ નોંધાવા પામી છે. સે. ૭ પોલીસે સાસુ વિરૂદ્ધ ગુનો નોંધીને સઘન તપાસ આરંભી છે.

વાવોલ ગામના દરબાર વાસમાં રહેતી ૨૫ વર્ષિય પરિણિતા નિતાબેન શંકરસિંહ ગોલના લગ્ન એક વર્ષ અગાઉ જ થયા હતા. દરમ્યાન ગઈકાલે નિતાબેને પોતાના ઘરે જ સાડી વડે ગળેફાંસો ખાઈ લઈ જીવન ટુંકાવી દીધુ હતું. પોલીસને આ અંગે જાણ થતા મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી તપાસ શરૂ કરી હતી. દરમ્યાન મૃતકના પિયર પક્ષના પંચમહાલ ખાતે રહેતા મંગુબેન બલવંતસિંહ સોલંકીએ સે. ૭ પોલીસે સાસુના ત્રાસથી નિતાબેને આપઘાત કરી લીધો હોવાની ફરીયાદ નોંધાવી છે. નિતાબેનના સાસુ જસીબેન રજુજી ગોલ તેણીની પાસેથી અવારનવાર દહેજની માંગણી કરી અતિશય માનસિક ત્રાસ આપતા હતા. જેનાથી કંટાળી નિતાબેને આપઘાત કરી લીધો હોવાની ફરીયાદ પોલીસમથકે નોંધાવા પામી છે. મંગુબેન સોલંકીની ફરીયાદને આધારે મૃતક પરિણીતાના સાસુ વિરૂદ્ધ આપઘાતના બદલ ગુનો નોંધી પોલીસે તપાસ આરંભી છે.

## અમુક ઉંમરે સ્ત્રીઓ અને પુરૂષોમાં જોવા મળતો મેનોપોઝ અને એન્ડ્રોપોઝ રોગ નથી : એક અવસ્થા છે

### નાટક, ભવાઈ અને ગરબા દ્વારા સુંદર રજૂઆત

ગાંધીનગર, તા. ૯

સ્ત્રી અને પુરૂષમાં અમુક ઉંમરે વરતાઈ આવતા થાક, આળસ, કંટાળો, ગુસ્સો વગેરેના લક્ષણો મેનોપોઝ અને એન્ડ્રોપોઝના હોય છે. જે મોટાભાગે સ્ત્રીઓમાં ૪૦-૪૫ વર્ષ પછી અને પુરૂષોમાં ૫૫-૬૦ વર્ષ પછી જોવા મળે છે. આ અંગેની સાચી માહિતી આપતું નાટક મેનોપોજ 'શક્તિ-૨૦૧૩' કાર્યક્રમ અંતર્ગત યોજાયું હતું.

ગુજરાતના જાણીતા કલાકારો હિમાંશુ ભચેચના સાથી કલાકારો દ્વારા સુંદર અભિનય સાથે સ્ત્રીઓ અને પુરૂષોમાં જોવા મળતા મેનોપોઝના લક્ષણો, સારવાર, નિદાન અને જરૂરી માર્ગદર્શન સૂચનો આપવામાં આવ્યા હતા. સ્ત્રીઓ સંસ્કાર અને જ્ઞાનથી ઉત્તમ સમાજ રચે છે. દીકરી અલગ-અલગ અવસ્થામાં આવે ત્યારે તેનામાં સારીરિક, માનસિક પરિવર્તનો આવે છે. એક અવસ્થામાં તે ઊંચે આકાશમાં ઉડવાની, નવું કરી પીટવાની તમન્નાઓ સેવે છે. બીજી અવસ્થામાં એટલે કે લગભગ ૪૦-૪૫ વર્ષ પછી તેનામાં અચાનક બદલાવ આવે છે. તેના સ્વભાવના બદલાવથી તે ગમગીની અનુભવે છે. એકાંત પસંદ કરે છે, અકારણ ગુસ્સો કરે છે, ઘણુ-બધુ ભૂલી જાય છે. આ બધા લક્ષણો મેનોપોઝના છે.જે કોઈ રોગ નથી પરંતુ એક અવસ્થા છે. આ જ લક્ષણો પુરૂષોમાં જોવા મળે તો એન્ડ્રોપોઝ કહે છે.

ડૉ. કલાબેન અને ડૉ. જયશ્રીબેન દ્વારા સ્ત્રી-પુરૂષોમાં મોટી ઉંમરે જોવા મળતી આ મેનોપોઝ અને એન્ડ્રોપોઝની અવસ્થાને સમજાવવામાં આવી હતી. આ સમગ્ર બાબતને નાટક, ગરબો, કવ્વાલી અને ભવાઈ દ્વારા સુંદર રીતે રજૂ કરવામાં આવી હતી. છગન-મગનના પાત્રમાં નિશીત નાયક અને જય પટેલે તથા રંગલાના પાત્રમાં હિમાંશુ ભચેચે પ્રેક્ષકોના દિલ જીતી લીધા હતા.

## બ્રહ્મ સમાજના યુવાનોનું જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

ગાંધીનગર, તા. ૯

શ્રી ચાણક્ય સેવા ટ્રસ્ટ (રજી.) અને વડોદરા જિલ્લા સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના ઉપક્રમે તા. ૨૭મી એપ્રિલ-૨૦૧૩ના રોજ શનિવારે વડોદરા ખાતે જીવનસાથી પસંદગી સંમેલન (૪૨મું) યોજાશે. ચાણક્ય સેવા ટ્રસ્ટના અધ્યક્ષ ઈશ્વર દવેએ અખબારી યાદીમાં જણાવ્યું છે કે વડોદરા ખાતે યોજાનાર જીવનસાથી પસંદગી સંમેલનમાં જોડાવા ઈચ્છતા ઉમેદવારોએ પોતાના ઉમેદવારી પત્ર, ગાંધીનગરમાં કાન્તીભાઈ વ્યાસ, ૧૨-સી-પ્લોટ નં. ૩૫૨/એ-૨, પોલીસ ચોકી સામે તથા મહેસાણામાં પ્રિયવદન ભટ્ટ એસ-૫, પૂજા ફ્લેટ્સ, સર્વોદયન બેન્ક પાસે, ભમરીયા નાળા પાસે, પોન નં. (૦૨) ૬૨-૨૪૦૯૮૦નો સંપર્ક કરવો. ટપાલથી ઘર બેઠા ફોર્મ મેળવવા હાર્દિક વ્યાસ-જી-એફ--૭, અમરદીપ કોમ્પ્લેક્ષ વડોદરા-૨૧ ફોન નં. ૦૬૫-૨૩૯૮૨૭૭ નો સંપર્ક કરવો. આ અંગેના ઉમેદવારીપત્ર ટ્રસ્ટની વેબસાઈટ 'www. shrichanakuasevatrust.com' ઉપરથી પણ મળી શકશે.

# સરકારી મકાનનાં વાડામાંથી દારૂ-બિયરનો જથ્થો મળ્યો

## સે. ૨૯ ના ચ-ટાઈપમાં પોલીસે દરોડો પાડી ૧૦ હજારનો દારૂ કબ્જે લીધો : બુટલેગરની ધરપકડ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરનાં સેક્ટર-૨૯, ચ-ટાઈપના સરકારી મકાનમાં દારૂનું ગેરકાયદે વેચાણ થઈ રહ્યું હોવાની બાતમીને આધારે સેક્ટર-૨૧ પોલીસની ટીમે દરોડો પાડી દારૂ-બિયરનો જથ્થો મકાનના વાડામાંથી ઝડપી પાડ્યો હતો. પોલીસે બુટલેગરની ધરપકડ કરી રૂ. ૧૦ હજારનો દારૂ-બિયરનો જથ્થો કબ્જે લઈ બુટલેગરની સઘન પુછપરછ શરૂ કરી છે.

શહેરના સેકટર-૨૧ પોલીસમથકનાં પી.એસ.આઈ. પી.જે. સોલંકીને બાતમી મળી હતી કે સેકટર-૨૯, ચ-ટાઈપ બ્લોક નં. ૩૪/૧ માં રહેતા પ્રશાંત બળદેવ પુરાણી નામનો શખ્સ તેના ઘરના વાડામાં દારૂ-બિયર સંતાડીને તેનો વેપલો કરે છે જેને આધારે આજે બપોરનાં સુમારે દરોડો પાડી વાડામાં તપાસણી કરી હતી. મકાનના વાડામાંથી ૮ નંગ બિયરના ટીન અને ૨૩ નંગ વિદેશી દારૂની બોટલ મળી આવી હતી. પોલીસે દારૂ-બિયરનો જથ્થો મળી રૂ. ૧૦,૦૫૦ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી બુટલેગર પ્રસાંત પુરાણીની ધરપકડ કરી લીધી છે. તેના વિરૂદ્ધમાં પ્રોહીબીશન એક્ટ મુજબ ગુનો નોંધી સઘન પુછપરછ શરૂ કરી છે.

# આજે સેકટર-૪ વસાહતી વણકર સમાજનું સ્નેહમિલન યોજાશે

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર સેકટર-૪ વસાહતી વખકર સમાજનો વાર્ષિક સ્નેહમિલન સમારંભ આજે તા.૧૦મી ફેબ્રુઆરી ૨૦૧૩ને રવિવારે સવારે ૯.૩૦ કલાકે સેકટર-૪ના બગીચા ખાતે યોજાશે. આ સમારંભમાં તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનીત કરવામાં આવશે તથા સમાજ દ્વારા બી.પી., ડાયાબીટીસના રોગની તપાસ અંગેનો કાર્યક્રમ પણ યોજાશે.

સેકટર-૪ ગાંધીનગર વસાહતી વણકર સમાજનો છઠ્ઠો વાર્ષિક સ્નેહમિલન સમારંભ આજે સેકટર-૪ના બગીચા ખાતે રાખવામાં આવ્યો છે. આ પ્રસંગે સેકટર-૪ના સાર્વજનિક નવરાત્રી મહોત્સવ સમિતિના પ્રમુખ રાજુભાઈ આર. પટેલ દ્વારા સમાજના ધોરણ-૧ થી ૧૨ના પ્રથમ ત્રણ ક્રમાંકના વિદ્યાર્થીને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવશે તથા ધોરણ-૧ થી ૮ના બાકીના તમામ વિદ્યાર્થીઓને આશ્વાસન ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવશે.

આ પ્રસંગે સમાજના દાતા વિનુભાઈ આર. પરમાર (ચેનપુર), મુખય મહેમાન તરીકે તથા આશીષભાઈ દવે, મ્યુનિ. કાઉન્સીલર, શ્રીમતી રમીલાબેન પરમાર, મ્યુનિ. કાઉન્સીલર, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે.

આ પ્રસંગે બી.પી. ડાયાબીટીસના રોગની તપાસ માટે ડોકટરોની ટીમ સવારે ૧૦ કલાકથી ૧૨ કલાક સુધી ઉપસ્થિત રહેશે તો તેનો લાભ લેવા સમાજજનોને ખાસ જણાવાયું છે.

તો સેકટર-૪ વણકર સમાજના કુટુંબીજનોને આ રૂડા પ્રસંગે પધારવા કિશોરભાઈ એ. પરમાર, પ્રમુખશ્રીએ વિનંતી કરી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૮

સૂર્યાસ્ત : ૬.૨૬

## તાપમાન

મહત્તમ : ૨૮.૨ ડિ.સે.

લઘુત્તમ : ૧૦.૮ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૧ ટકા ● સાંજે ૩૨ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

એબીસીડીઃ ઍની બોડી કૅન ડાન્સ (૩ડી) : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

એબીસીડીઃ ઍની બોડી કૅન ડાન્સ (૨ડી) : ૯.૧૫, ૧૨.૧૫, ૯.૧૫

રેસ- ૨ : ૩.૧૫

વિશ્વરૂપમ : ૬.૧૫

: સ્ક્રીન-૩ :

વિશ્વરૂપમ્ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :

સ્પેશ્યલ -૨૬ : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

### સૂર્યા, વાવોલ

સ્પેશ્યલ-૨૬ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

આખા જગથી નિરાલી મારી સાજના : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

સ્પેશ્યલ-૨૬ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

સ્પેશ્યલ -૨૬ : ૧૧.૧૫, ૨.૧૫

એબીસીડીઃ ઍની બોડી કૅન ડાન્સ : ૫.૦૦, ૭.૩૦

વિશ્વરૂપઃ ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

એબીસીડીઃ ઍની બોડી કૅન ડાન્સ : ૧૦.૪૫, ૧૦.૦૦

વિશ્વરૂપમ : ૧.૧૫, ૪.૧૫, ૭.૦૦

### ચિરાગ, કલોલ

સ્પેશ્યલ-૨૬ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### આંબેડકર હોલ

- મોઢ વણિક મોદી સમાજ ગાંધીનગર દ્વારા સામાજિક કાર્યક્રમ સવારે ૯.૦૦ કલાકે.
- ભરૂચ નર્મદા જિલ્લા મિત્રમંડળ દ્વારા સામાજિક કાર્યક્રમ સાંજે ૯.૦૦ કલાકે.

### ટાઉન હોલ

- રૉટરી કલબ ઑફ ગાંધીનગર દ્વારા 'શક્તિ ૨૦૧૩' સ્ત્રીઓ માટે કાર્નિવલનો પ્રારંભ સવારે ૯.૦૦ કલાકે.
- સ્માર્ટ કિડ્સ દ્વારા સાંસ્કૃતિ કાર્યક્રમ બપોરે ૨.૦૦ કલાકે.
- મલયાલી સમાજ દ્વારા સાંસ્કૃતિ કાર્યક્રમ રાત્રે ૯.૧૫ કલાકે.

### સાહિત્યિક

- ગુજરાત રાજય સાહિત્ય અકાદમી અને ગાંધીનગર સાહિત્યસભાના સંયુક્ત ઉપક્રમે સવારે ૧૧.૦૦ કલાકે, બ્રહ્માણી કૃપા, ફાર્મસી કોલેજ કંપાઉન્ડસ કડી સર્વ વિદ્યાલય કેમ્પસર, ગેટ નં. -૧, સેકટર- ૨૩ ખાતે સાહિત્યલક્ષી પરિસંવાદ યોજાશે.

## આપની આજ

**મેષ** : તમારી ઈચ્છાઓ તેમજ મહત્વકાંક્ષા પૂર્ણ થશે. તમારા આત્મવિશ્વાસમાં વધારો થશે. આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકે છે.

**વૃષભ** : આમોદ- પ્રમોદ વિલાસિતામાં સમય પસાર થશે. વધુ પ્રયત્ન કરવો પડશે. સંબંધો પ્રત્યે સાવધાની રાખવી જરૂરી બની રહેશે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિ થઈ શકે છે.

**મિથુન** : કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે. વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યોના આયોજનો થઈ શકશે. સામાજિક સમસ્યાઓમાં સહયોગ પ્રાપ્ત કરવો પડશે. આર્થિક કાર્યો માટે વિશેષ યાત્રાઓ થઈ શકે છે.

**કર્ક** : કૌટુંબીજનોના સાથ સહકાર- પ્રેમથી મન પ્રસન્નતા પ્રાપ્ત થશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના વધે છે. વિશેષ સહયોગ, માર્ગદર્શન મળશે.

**સિંહ** : આર્થિક ઉન્નતિ થશે. નોકરીમાં સ્થાનાંતરણનો યોગ બનશે. શારીરિક સુખ પ્રાપ્તિનો યોગ. સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં પદ- પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે. આપના દ્વારા થયેલ સંચિત ધનમાં વૃદ્ધિ થઈ શકે છે.

**કન્યા** : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટકેલા નાણાં પાછા મળશે. ઉપરી અધિકારીઓ દ્વારા આપના પર કાર્યભાર વધી શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી.

**તુલા** : જ્ઞાન શોધના કાર્યોમાં આપનું મન પરોવાશે. ધ્યાન, ગહન શોધ, જ્ઞાન, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્યોમાં તમે જોડાઈ શકો છો. અટવાયેલા કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : વ્યાપારમાં પ્રગતિ જણાય. આરોગ્ય પ્રત્યે બેદરકારી ન રાખવી. નવા વાહનની ખરીદી થઈ શકે છે. સામાજિક અને ધાર્મિક કાર્યોથી તમને યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે.

**ધન** : કોઈ ચિંતાથી મુક્તિ મળશે. આપ પોતાની બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વિકાસ સાધી શકશો. હિતશત્રુઓ દ્વારા હાનિ થવાની સંભાવના રહેલ છે.

**મકર** : રોજગારીક્ષેત્રમાં નવા રસ્તાઓ તમને મળી શકે છે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો.

**કુંભ** : આપને નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. નાણાંકીય કાર્યોમાં સંશોધન થશે. વેપારમાં રોકાણ વિચારીને કરવું. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**મીન** : સામાજિક અને રાજકારણ ક્ષેત્રમાં માન- પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં તરફ પ્રેરાશો. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી હિતાવહ રહેશે.

## ચિરવિદાય

- સ્વ. મણીબા લવજીભાઈ પરમાર (ઉ.વ.૮૫) મુ.પો. ઈન્દ્રોડ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. આરતી ચંદ્રદેવ શર્મા (ઉ.વ.૨૩) પ્લોટ નં. ૧૦૭/૨, કિસાનનગર, સેકટર-૨૬, ગાંધીનગર.
- સ્વ. ભારતદેવ પુણ્યદેવ શેઠ (ઉ.વ.૭૪) પ્લોટ નં. ૪૩૬/૨, કિસાનનગર, સેકટર-૨૯, ગાંધીનગર.